


ઉનાળો શરૂ થાય એટલે ઘર ચકલી અને દેવ ચકલીઓના આંટાફેરા ઘરોમાં વધી જાય... તેમને અનુકૂળ હોય તેવા ઘરમાં તે માળો કરે... ઈંડા મુકે અને તેમાંથી જન્મેલા બચ્ચાંઓનું પાલન પોષણ કરી તે મોટા થાય એટલે તેમને લઈને ઉડી જાય.. સેક્ટર-૧૬માં રહેતા સતિષભાઈ આ ઋતુમાં ચકલીઓનું ખુબ ધ્યાન રાખે છે. તેમના માટે દાણા-પાણીની વ્યવસ્થા તો કરે જ છે સાથોસાથ તેમને માળાઓ બનાવવાની અનુકૂળતા પણ કરી આપે છે.

# બોરીજથી રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોને કોરોના વેક્સિનેશનના સુરક્ષા કવચથી આવરી લેવાની કામગીરીનો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગર શહેરની બોરીજ પ્રાથમિક શાળાએથી કરાવ્યો હતો.

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ રાજ્યમાં આજે તા.૧૬ માર્ચ બુધવારથી આ વેક્સિનેશન કાર્યવાહીનો આરંભ થયો છે.

ગુજરાતમાં આ કામગીરી અંતર્ગત ૧૨ થી ૧૪ વર્ષની વયના ૨૨.૬૩ લાખ જેટલા બાળકોને કોવિડ-૧૯ ની રસી આપવામાં આવશે.

રાજ્યના આરોગ્ય વિભાગ પાસે આ હેતુસર કોર્બેવેક્ષ નામની રસીના ૨૩.૦૫ લાખ ડોઝ ઉપલબ્ધ છે અને તે કોલ્ડ ચેઈન પોઈન્ટ સુધી પહોચાડવામાં આવ્યા છે. તેને ૨ થી ૮ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન પર સ્ટોર કરવામાં આવે છે.



રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ, માતૃ અને બાળ વિકાસ વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગના સહયોગથી આ કોર્બેવેક્ષ વેક્સિનના ડોઝ પાત્રતા ધરાવતા તમામ બાળકોને અપાવાના છે.

તદ્દઅનુસાર, વેક્સિનનો પ્રથમ ડોઝ લીધાના ૨૮ દિવસ બાદ બીજો ડોઝ અપાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બોરીજ પ્રાથમિક શાળામાં આ વેક્સિનનો પ્રથમ ડોઝ લેનારા બાળકો સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્યમાં આ કામગીરી આશરે ૨૦૦૦થી વધુ રસીકરણ કેન્દ્રો પરથી ૨૫૦૦ થી વધુ વેક્સિનેટર્સ દ્વારા પ્રથમ દિવસે હાથ ધરાવાની છે.

ભૂપેન્દ્ર પટેલે આ વેક્સિનેશન કામગીરીમાં સેવા આપી રહેલા આરોગ્ય કર્મીઓની સાથે પણ વાતચીત કરી હતી. તેમણે ડોઝ અંગેની વિગતો મેળવી હતી અને આ સરાહનીય કામગીરીને બિરદાવી હતી.

વેક્સિનેશન કામગીરીના આ પ્રારંભ વેળાએ ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા તેમજ મહાનગરના પદાધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, મ્યુનિસિપલ કમિશનર ધવલ પટેલ, જિલ્લા કલેકટર કુલદીપ આર્ય વગેરે પણ જોડાયા હતા.

# જિલ્લામાં મધ્યમ અને મોટા ખેડૂત ખાતેદારો ઘટ્યા : કૃષિમંત્રી

## જિલ્લામાં ખેડૂત ખાતેદારોમાં ૧૩,૪૮૨નો વધારો ૧૫-૧૬ના એગ્રીસેન્સસમાં થયો છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદારો અંગે કોંગીના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧,૩૧,૭૬૩ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

તેમણે જણાવ્યુ છે કે જિલ્લામાં સીમાંત ખેડૂત ખાતેદારોની સંખ્યા ૭૦,૮૧૧, નાના ખેડૂત ખાતેદારોની સંખ્યા ૩૩,૦૨૩, અર્ધ-મધ્યમ ખેડૂત ખાતેદારોની સંખ્યા ૧૬,૨૨૮, મધ્યમ ખેડૂત ખાતેદારોની સંખ્યા ૪,૪૫૨ અને મોટા ખેડૂત ખાતેદારોની સંખ્યા ૨૪૯ છે.

કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૧૫-૧૬ માં સીમાંત ખેડૂત ખાતેદારની સંખ્યામાં ૯૯૧૩ નો વધારો, નાના ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૩૫૭૦નો વધારો અર્ધ મધ્યમ ખેડૂત ખાતેદારોમાં ૫૧૦નો વધારો થયો છે. મધ્યમ ખેડૂત ખાતેદારોમાં ૩૮૩ નોં ઘટાડો અને મોટા ખેડૂત ખાતેદારોમાં ૧૨૮નો ઘટાડો નોંધાયો છે. આમ તમામ પ્રકારના કુલ ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૧૩,૪૮૨નો વધારો થયો છે. કોંગીના જ ગ્યાસુદીન શેખના એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે દહેગામમાં ૧૪,૭૧૪, ગાંધીનગરમાં ૨૫૦૧૦, કલોલમાં ૧૯૦૧૭ અને માણસામાં ૧૯૦૭૦ સીમાંત ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

નાના ખેડૂત ખાતેદારો દહેગામમાં ૯૫૦૪, ગાંધીનગરમાં ૯૭૮૦, કલોલમાં ૬૫૬૦ અને માણસામાં ૭૧૭૯ નોંધાયા છે.

મધ્યમ ખેડૂત ખાતેદારો દહેગામમાં ૧૬૭૯, ગાંધીનગરમાં ૧૨૩૮, કલોલમાં ૧૦૪૪ અને માણસામાં ૪૯૧ નોંધાયા છે.




**મહુન્દ્રા ગામની ગ્રામશિબિરની ધારાસભ્ય શંભુજી ઠાકોરે મુલાકાત લીધી**

ગૂજરાત વિદ્યાપીઠ-સાદરાના બી.એ. એમ.એ. વિભાગના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા મહુન્દ્રા ગામની ગ્રામ શિબિરની મુલાકાતે ધારાસભ્ય શંભુજી ઠાકોર આવ્યા હતા. ગામની શેરીઓમાં ફરી સ્વચ્છતા-સફાઈ અને પ્લાટીકમુક્ત મહુન્દ્ર ગામ જોઈ આદરણીય શંભુજી ઠાકોરે એન.એસ.એસ.ના સ્વયમસેવકોને અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવું, દિવ્યેશ ભટ્ટ તેમજ શિબિર સંચાલક ડૉ. રાજેન્દ્ર જોષીને અભિનંદન આપ્યા હતા. આ ગ્રામ શિબિરમાં ગ્રામ વિકાસના કાર્યોને વેગ આપવાનું કાર્ય સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ અને મહુન્દ્ર ગામના સરપંચ શ્રીમતી કૈલાશબા નરેન્દ્રસિંહ સોલંકી કરી રહ્યા છે.

# રાજ્યમાં હજુ કેટલાક દિવસ કાળઝાળ ગરમી અનુભવાશે

અમદાવાદ, તા.૧૬

આ વર્ષે રાજ્યમાં પડી રહેલી ગરમી તમામ રેકોર્ડ તોડી રહી છે. ૨૦ વર્ષ બાદ અમદાવાદમાં માર્ચ મહિનામાં લૂનો અનુભવ થઈ રહ્યો છે. મંગળવારે ઉત્તરથી ઉત્તર-પશ્ચિમના સુકા પવનોની અસરથી અમદાવાદ સહિત રાજયના ૧૦ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી પાર કરી ગયો. અમદાવાદમાં ૨૦ વર્ષમાં પ્રથમવાર ૧૫ માર્ચ સુધીમાં ૪૧.૫ ડિગ્રી રેકોર્ડબ્રેક ગરમી નોંધાઈ છે. તો સુરેન્દ્રનગરમાં રાજ્યમાં સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું. તો બીજા ક્રમે અમદાવાદ રહ્યું. ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં ૫ વર્ષમાં ચોથી વખત માર્ચમાં હીટવેવ નોંધાયું છે. ૧૮ માર્ચ સુધી રાજયના મોટાભાગના શહેરોમાં હીટવેવનું જોર યથાવત રહેશે તેવુ હવામાન એક્સપર્ટસનું કહેવું છે. અમદાવાદમાં મોટાભાગે ૨૫ માર્ચ પછી ગરમીનો પારો ૪૧ ડિગ્રીની આસપાસ પહોંચતો હોય છે, પરંતુ તેને બદલે ૧૫ માર્ચ સુધીમાં રેકોર્ડબ્રેક ૪૧.૫ ડિગ્રી ગરમી નોંધાઈ હોય તેવી ૨૦ વર્ષમાં પ્રથમવાર બન્યું છે.

રાજ્યભરમાં હોળી-ધુળેટી પહેલા જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં હિટવેવની અસર જોવા મળી રહી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છ સહિતના વિસ્તારોમાં હિટવેવની અસર વર્તાઈ રહી છે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે, તદુપરાંત અમદાવાદમાં પણ હિટવેવની અસર થઈ રહી છે. કાળઝાળ ગરમીની આ સ્થિતિમાં શુ કાળજી રાખવી જોઈએ એ અંગે ડો. પ્રવીણ ગર્ગે કહ્યું કે ખાસ તો જે લોકો કોરોનાથી ઈફેકટેડ થયા છે, એવા કેટલાય લોકો કોરોનાથી સાજા થયા બાદ હજુ પણ સંપૂર્ણ સ્વસ્થ નથી થયા તેવુ સમજવુ. કોરોના બાદ અનેક લોકો હજી પણ નબળાઈ અનુભવી રહ્યા છે, કેટલાય લોકોમાં ફેફસા સંદર્ભે કેટલીક સમસ્યા હજુ પણ યથાવત છે. કોવિડથી જે સાજા થયા છે અને જેઓને અન્ય બીમારી છે, એવા તમામ લોકોએ હિટવેવથી બચવું જરૂરી છે.

ગરમી ૪૦ ડિગ્રીને પાર થાય એવામાં ફૂલ કોટનના કપડાં લોકો પહેરે, બિનજરૂરી બપોરે ઘરથી બહાર નીકળવું લોકો ટાળે. સાયકલિંગ કરતા હોય એમણે એકસાથે જ લાંબા અંતર સુધી સાયકલિંગ કરવાનું ટાળવું જોઈએ. ડિ-હાઈડ્રેશનની સમસ્યા ના થાય એટલે વધુમાં વધુ લોકો લિક્વીડનો ઉપયોગ કરે.

### ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટી દ્વારા

# “પેટન્ટિંગ ઈન ઈન્ડિયન રિગાઈમ એન્ડ ઈનવેન્શ ડિસક્લોઝર્સ” વિષય પર બે દિવસનો વર્કશોપ યોજાયો

ગણપત વિદ્યાનગર, તા. ૧૬

ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમી, નવી દિલ્હી અને ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના એક પ્રકલ્પ ‘ગુજકોસ્ટ’ સાથેના




સહયોગમાં ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કોલેજ ‘શ્રી એસ.કે. પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ’ દ્વારા તાજેતરમાં નેશનલ લેવલનો એક વર્કશોપ ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાઈ ગયો. ગઈ તા. ૧૦ અને ૧૧ માર્ચ, ૨૦૨૨ દરમિયાન યોજાઈ ગયેલા આ બે દિવસીય વર્કશોપનો વિષય હતો ‘પેન્ટિંગ ઈન ઈન્ડિયન રિગાઈમ એન્ડ ઈન્વેશન ડિસ્ક્લોઝર્સ’

આ ઓફલાઈન(પ્રત્યક્ષ) વર્કશોપમાં ગુજરાતની અને અન્ય વિવિધ ફાર્મસી, સાયન્સ, એન્જિનિયર્સ, કોમ્પ્યુટર કોલેજનાં ૧૧૨ જેટલાં વિદ્યાર્થીઓ, અભ્યાસુ સંશોધકો તેમજ વિદ્વાન પ્રાધ્યાપકો જોડાયા હતા.

વર્કશોપના ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઝાયડસ રિસર્ચ સેન્ટરના જનરલ મેનેજર ડૉ. કૌશિક બેનરજી ઉપસ્થિત રહ્યા હતા. તો અન્ય સન્માનિય મહેમાન મહાનુભાવોમાં ફાર્મસી ફેકલ્ટીના એક્ઝિ. ડીન ડૉ. એસ. એસ. પંચોલી, ઈન્ડિયન પેટન્ટ એટર્ની ડૉ. સંજય તોશનીવાલ, ગણપત યુનિવર્સિટીના ઈન્ક્યુલેશન સેન્ટરના ડીન ડૉ. સૌરભ દવે સહિત અનેક આદરણીય મહેમાનોએ ખાસ હાજર રહી ઉપસ્થિત જિજ્ઞાસુ લોકોને પોતાના શાનથી પ્રભાવિત કર્યા હતા. તો ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ આ ઉદ્‌ઘાટન સમારોહમાં ‘ઓનલાઈન’ ઉપસ્થિત રહી ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી રાઈટ્સ અને પેટન્ટિંગનું સંસ્થાના ‘એકેડિટેશન’માં શું મહત્વ છે તેના વિષે વિગતવાર સમજ આપી હતી.

વર્કશોપમાં ઉપસ્થિત વિવિધ વિષયના નિષ્ણાત વિદ્વાનો દ્વારા મુખ્ય વિષયની વિવિધ થિયરીઝ અને હેન્ડઝ-ઓન પ્રેક્ટિકલ સેશન દ્વારા ભાગ લેનાર વિદ્યાર્થીઓ, અભ્યાસુ સંશોધકો અને પ્રાધ્યાપકોને સમૃદ્ધ જ્ઞાન પીરસવામાં આવ્યું હતું.

વર્કશોપના સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન અને વક્તા ડૉ. પદ્‌મીન બુચ (સીનિયર કોર્પોરેટ એડવાઈઝર-આઈપીઆઈ એક્સપર્ટ) હાજર રહ્યા અને પોતાના વિષયની ઉંડી સમજ આપી હતી. ફાર્મસી કોલેજના પ્રો. અને ડીન ડૉ. પરેશ પટેલે અને પ્રો. ડૉ. કલ્પેશ પટેલે આ વર્કશોપની સફળતામાં મહત્વનું પ્રદાન કર્યુ હતુ.

# ગાંધીનગર મહાનગરપાલિકાના વ્યસાય વેરા નોંધણી કેમ્પને પ્રચંડ પ્રતિસાદ

ગાંધીનગર મહાનગર પાલિકાની વ્યવસાય વેરા શાખા દ્વારા તારીખ ૧૪ માર્ચથી વિવિધ સ્થળો પર વ્યવસાય વેરા નોંધણીના કેમ્પની



શરૂઆત કરવામાં આવી છે. આ અંતર્ગત ૧૪ તારીખના રોજ ભાટ ગ્રામપંચાયત, ૧૫ તારીખના રોજ કોટેશ્વર ગ્રામપંચાયત તથા ૧૬ માર્ચના રોજ સુઘડ ગ્રામપંચાયત ખાતે વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન માટે કેમ્પનું આયોજિન કરવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવેલા કેમ્પમાં ભાટ, કોટેશ્વર, સુઘડ, નભોઈ તથા અમિયાપૂરના વ્યવસાય ધારકોએ નોંધણીનો લાભ લીધો હતો. કેમ્પમાં ૩૬ જેટલા અરજદારોની નોધણી કરવામાં આવી છે. આ ઉપરાંત ૮૦ થી વધુ વ્યવસાય ધારકોને અરજી કરવા અંગે સમજ આપવામાં આવી છે, જે ટૂંક સમયમાં નોધણી કરાવવામાં આવશે. ગાંધીનગરના વ્યવસાય ધારકોને આ કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા માટે અપીલ કરવામાં આવે છે.

## રાજ્યમાં કોરોનાના ૨૫ કેસ

ગાંધીનગર, તા.૧૬

રાજ્યમાં કોરોનાના આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યનાં ૨૫ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૫૪ દર્દીઓ રિકવર થયા છે. તો બીજી તરફ ૧૨,૧૨,૩૦૪ નાગરિકો કોરોનાને મ્હાત કરી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૭ ટકાએ પહોંચી ચુક્યો છે. તો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૨,૭૭,૯૨૦ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે.

હાલ રાજ્યમાં માત્ર ૪૪૩ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૩૮ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૩૦૪ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૧૦૯૩૯ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું. આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૧૨, વડોદરા કોર્પોરેશન ૪, ગાંધીનગર કોર્પોરેશન ૨, આણંદ, બનાસકાંઠા, ભાવનગર કોર્પોરેશન, ગાંધીનગર, મહેસાણા, નવસારી અને વડોદરામાં ૧-૧ કેસ નોંધાયા છે.

### પાથેય ● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઠપ્પ થઈ જાય...એ યોગ્ય દિશાની હોવી જોઈએ.આ કશ્મકશ છે એટલે જ જીવન છે..અધૂરપ ના હોય તો મધુરપ કયાંથી સમજાય ? ઈચ્છા પૂર્તિ અને પ્રાપ્તિ બે પરિમાણો છે..આપણે આ બંને વિચારધારાની વચ્ચે કયાંક પસંદગી કરવાની હોય છે..વિવેકપૂર્ણ ઈચ્છા કદાચ સમતોલ અભિગમ ગણી શકાય.ઈચ્છાનું કદ શકિત કે સામર્થ્ય મુજબ થાય તો અતૃપ્તિના અભિશાપથી બચી શકાય.

આમ તો આપણી ઈચ્છાઓ લગભગ રોટી કપડા અને મકાનની આસપાસ જ અટકતી હોય છે!! ઈચ્છાને પૂરપાટ દોડાવવી એ પણ એક પડકાર છે..સંતોષ નામના સ્ટેશને એને અટકાવવી એ પણ કળા છે..એ જીવંત રહે તો જિંદગી છે..મરેલી ઈચ્છાઓ માટે કોઈ સ્મશાન હોતું નથી..મનના ગોખલા એ ઈચ્છાના પીરામીડ છે.ઈચ્છાની પેલે પાર પણ એક દુનિયા હોય છે..જેને તાગવી એ પણ સામર્થ્યનું કામ છે....

### સ-રસ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

પટા, કેમ્પ ફાયર ક્યા હોટા હૈ? ઉસમેં આગ હોટી હૈ આગ! લકડીયોં કો જલાકર લગાઈ જાટી હૈ. ઉસસે ઠંડ ભાગ જાટી હૈ. ચલ અંડર રૂમમેં, ટુઝે રૂમકે અંડર કેમ્પ ફાયર ડીખાઉં!’’ જ્હોનની આંખોમાં રમતાં વાસનાનાં સાપોલિયાં જોઈને પદ્માની આંખોમાંથી અંગારા વરસવા લાગ્યા.

કોઈ કંઈ સમજે એ પહેલાં પદ્માના હાથે કેમ્પ ફાયરમાંથી પકડેલા સળગતા લાકડાનો ઘા જ્હોનના હાથ ઉપર થયો. જ્હોનના હાથમાંથી રૂપાનો હાથ છૂટી ગયો. પદ્માના મોંઢા ઉપર અગ્નિ જેવું તેજ હતું, ‘‘તુમકો નહીં પતા પર હમારે યહાં ઈસે હોલિકાદહન કહતેં હૈં! ઔર ઈસમેં દાનવોં ઔર દુર્ગુનોંકી બલિ ચઢતી હૈ. ભાગ તૂ અપને કમરેમેં, નહીં તો યહીં, કમરેકે બાહર તેરી ચિતા જલા દૂંગી!’’ એ જ સમયે રિસોર્ટથી થોડે દૂર ગામમાં બીજે દિવસે થનારા રંગોત્સવની તૈયારીઓ હરખભેર થઈ રહી હતી.

- mtabuch150@gmail.com

### નખરાળી જિંદગી ● અનુસંધાન ચોથાનું ચાલુ...

કેટલાક એવા હોર્મોન ઝરે છે જે તમને આનંદ આપે છે! તમને વધારે ખુશ રાખે છે. આ વિધાન મુજબ નિયમિત જીમમાં જનારી કે આખો દિવસ મજૂરી કરનાર વ્યક્તિ આપણા સૌ કરતા વધારે ખુશ રહેતી હોવી જોઈએ. આ વિધાન કેટલું સાચું છે એ આપણે સૌ જાણીએ છીએ.

આખા લેખનો સાર એટલો જ કે થાકી જવું એ સીધી રીતે તમારા મન સાથે જોડાયેલું છે. તમે જો તમારા મન પાસેથી તમારું ધાર્યું કરાવતા શીખી જાઓ તો પછી લાંબો સમય એકધારું કાર્ય કરી શકશો. મનમાં હતાશા ભરેલી હશે તો ગમતું કામ કરતાંય થાકી જશો અને મનમાં હરખ ભર્યો હશે તો ના ગમતું પણ આરામથી કરી લેશો.

અમસ્તું, આ મન શરીરના કયા હિસ્સામાં વસે છે? હૃદય વિવિધ અંગોને લોહી પહોંચાડે છે અને મગજ આખા શરીરનું સંચાલન કરે છે એવું વિજ્ઞાન કહે છે એટલે એ તમારું મન નથી.

- @kapadianiyati

### વિધાનસભામાં.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪૫ જગ્યાઓ, ૧ થી ૩ વર્ષના સમય સુધીની ૨૮ જગ્યાઓ અને ત્રણ વર્ષથી વધુ સમયથી ૯ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૩ની સૌથી વધુ ૭૩ જગ્યાઓ ખાલી છે. મંત્રીએ જણાવ્યુ છે કે તબક્કાવાર ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતી અને બઢતીથી ઉપલબ્ધ સ્ટાફ થયેથી આ જગ્યાઓ ભરવામાં આવશે.

● **ભરતી મેળા**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં યોજાયેલ ભરતીમેળા અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ૧૦૨ મેળાઓ યોજવામાં આવ્યા છે. આ મેળામાં ૧૬,૬૩૫ ઉમેદવારો હાજર રહ્યા હતા. આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રના એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી છે.

● **કિસાન સહાય યોજના**

કોંગીના માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ કિસાન સહાય યોજનાના લાભ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગષ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકાના મહેસુલી ટેઈનગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર સપ્તાહ સુધી વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઈઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભા મળવા પાત્ર થાય. છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઠરાવની જોગવાઈઓ પરિપૂર્ણ થતી ન હોઈ લાભ મળવાપાત્ર થતો નથી તેમ પણ તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

● **જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

દરિયાપુરના ગ્યાસુદીન શેખ દ્વારા ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીન ભાડાપટ્ટે આપવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર તાલુકામાં ૧૦૧૨ ચો.મી. સરકારી પડતર જમીન ભાડાપટ્ટે આપવામાં આવી છે. આ જમીન ૩૦ વર્ષના ભાડા પટ્ટે આપવામાં આવી છે. ભાડાપટ્ટે આપેલ જમીનની મુદત પૂર્ણ થઈ નથી અને જમીનનો કબ્જો પરત લેવામાં આવ્યો નથી.



ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના જન્મદિને નાજાભાઈ ધાધર દ્વારા શ્રમિક પરિવારોને પગરખાનુ અને પ્રોટીનના ડબ્બાઓનું વિતરણ કરાયુ હતુ. અગ્રણી નરેન્દ્રભાઈ પટેલ આ સેવાકાર્યમાં જોડાયા હતા.